| GJKT020002482022 | દાખલ તારીખ | ૨૪/૦૧/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૨૪/૦૧/૨૦૨૨ | | |
| | નિકાલ તારીખ | **૨૯/૦૫/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૪ | ૦૬ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી <u>ફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ</u>**

## <u>FORM : A</u>

**ના.શ્રી ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**<u>ફોજદારી કેસ નંબર : ૧૫૯/૨૦૨૨</u>**

**<u>આંક–બી/૧૧</u>**

**<u>એફ.આઈ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–</u>**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નંબર | **પધ્ધર પોલીસ સ્ટેશન, સી. પાર્ટ પ્રોહી. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૪૪૨૦૦૦૩૭/૨૦૨૦** |
| ગુન્હો | **પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ–૬૫(એ)(ઇ), ૮૧ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી આર.આર.પ્રજાપતિ** |
| **આરોપી** | **સોમસિંહ ઉર્ફે રાસુભા તગજી સોઢા**<br>ધંધો–મજુરી, ઉ.વ. પુખ્ત<br>રહે. ખાનાય સોઢા કેમ્પ તા.અબડાસા–કચ્છ<br>**(સદરહુ આરોપી વિરૂદ્ધ સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ અન્વયે સદર કામ ચલાવવાનો હુકમ થયેલ છે.)** |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી –** |

## **FORM–B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | 03/૦૨/૨૦૨૦ |
| ફરીયાદની તારીખ | 03/૦૨/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૦૧/૨૦૨૨ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ | – |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૨૦/૪/૨૦૨૬ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | **–** |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ કોઇ હોય તો | **–** |

### **આરોપીની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૨૭/૦૫/૨૦૨૧ | ૨૦/૦૮/૨૦૨૦ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## **FORM–C**

### **ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–**

### **(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| ૧. | નરેન્દ્રભાઇ જયદત્તભાઇ યાદવ | ફરીયાદી | ૩ |
| ૨. | કૃષ્ણદેવસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ | સાહેદ | ૭ |
| ૩. | પ્રેમજીભાઇ આલાભાઇ બડચા | પંચ સાહેદ | ૮ |
| ૪. | સુરેન્દ્રસિંહ રવુભા જાડેજા | ત.ક.અ. | ૧૦ |

### **ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૪ |
| ૨. | મુદામાલ પરીક્ષણ રીપોર્ટ/યાદી | ૫,૬ |
| ૩. | પંચનામુ | ૯ |

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૮-૩૦ વાગ્યા દરમ્યાન, આ કામના અગાઉ પકડાયેલ આરોપી મહેશસિંહ રાણુભા જાડેજા તથા ભચુભા સવાઈસિંહ જાડેજા વાળાઓએ મોટા રેહા ગામની ઉત્તર-પૂર્વ સીમમાં આવેલ સર્વે નં.૧૪૯ કે.જે. લક્ષ્મણ વાલજી પરમારના નામે બોલતી હોય તે પડતર જમીન શેઢા ઉપર થોડે દુર ખાડો બનાવી તે ખાડામાં ભારતીય બનાવટની અલગ-અલગ બ્રાન્ડની બોટલો રાખી ગુનો કરેલ હોય અને જેઓ વિરૂદ્ધ અગાઉ ના. કોર્ટમાં ચાર્જશીટ રજુ થયેલ અને બાદમાં હાલના કામે નાસતા-ફરતા આરોપી સોમસિંહ ઉર્ફે રાસુભા તગજી સોઢા વાળા નામદાર સેશન્સ કોર્ટ ભુજ મધ્યેથી આગોતરા જામીન સાથે રજુ થતા તેઓને અટક કરેલ, જેથી તેઓએ પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ-૬૫(એ),(ઈ), ૮૧ મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ પુરવણી ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઈ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા અનેક પ્રોસેસ કરવા છતાં હાજર રહેલા નથી. જેથી તેઓની સામે ઉપરોકત ગુનાઓ સંબંધેનું ત્હોમતનામું ફરમાવી, નિવેદન/પ્લી નોંધી શકાયેલ નથી. કેસ જુનો હોઇ

અને આરોપીને વારંવાર પ્રોસેસ કરવા છતાં ઘણા લાંબા સમયથી મળી આવતા નથી. જે જોતા ત્યારબાદ આ કામે આરોપી સામે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ તેમની ગેરહાજરીમાં કામ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં કિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પર કામ મુકવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોઈ અને કલમ–૨૯૯ નો હુકમ થયેલ હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી. ત્યારબાદ દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

<u>–:: મુદાઓ ::–</u>

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૦૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૮–૩૦ વાગ્યા દરમ્યાન, આ કામના અગાઉ પકડાયેલ આરોપી મહેશસિંહ રાણુભા જાડેજા તથા ભચુભા સવાઈસિંહ જાડેજા વાળાઓએ મોટા રેહા ગામની ઉત્તર–પૂર્વ સીમમાં આવેલ સર્વે નં.૧૪૯ કે.જે. લક્ષ્મણ વાલજી પરમારના નામે બોલતી હોય તે પડતર જમીન શેઢા ઉપર થોડે દુર ખાડો બનાવી તે ખાડામાં ભારતીય બનાવટની અલગ–અલગ બ્રાન્ડની બોટલો રાખી ગુનો કરેલ હોય અને જેઓ વિરૂદ્ધ અગાઉ ના. કોર્ટમાં ચાર્જશીટ રજુ થયેલ અને બાદમાં હાલના કામે નાસતા–ફરતા આરોપી સોમસિંહ ઉર્ફે રાસુભા તગજી સોઢા વાળા

નામદાર સેશન્સ કોર્ટ ભુજ મધ્યેથી આગોતરા જામીન સાથે રજુ થતા તેઓને અટક કરેલ, જેથી તેઓએ પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ–૬૫(એ),(ઈ), ૮૧ મુજબનો ગુનો મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

<u>**નિર્ણય :–**</u> ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

<u>**–:: નિર્ણય માટેના કારણો ::–**</u>

<u>**મુદા નં. ૧ ની ચર્ચા :–**</u>

(૮) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી નરેન્દ્રભાઈ જયદત્તભાઈ યાદવ ને આંક–૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૦૩.૦૨.૨૦ ના રોજ તેઓ એલ.સી.બી. કચેરી હાજર હતા તે દરમિયાન તેઓને બાતમી હકિકત મળેલ કે, મોટા રેહા ગામેની ઉપલી સીમમાં સર્વે નં.૧૪૯ જે લક્ષ્મણ વાગજી પરમારનુ પડતર ખેતર છે અને તે ખેતરના સેઢામાં ખાડાઓ ખોદી મોટા રેહા ગામના મહેશસિંહ રાણુભા જાડેજા તથા ભચુભા સવાઈસિંહ જાડેજાએ ઇંગ્લીશ દારુ રાખેલ છે અને છુટક વેચાણ કરે છે વિગેરે મતલબની હકિકત મળતા એલ.સી.બી.ના સ્ટાફને સમજ કરેલી. અને સાથેના સ્ટાફના વિરેન્દ્રસિંહ બે પંચના માણસોને પ્રેમજી તથા હમીરભાઈ નામનાને પો.સ્ટે. બોલાવી લાવેલ. પંચોને હકિકતની સમજ કરી સરકારી વાહન પી–૩૦૩ તથા પ્રા. વાહનમા તેઓ તથા પંચો તથા એલ.સી. બી. સ્ટાફના જયેન્દ્રસિંહ જાડેજા વિરેન્દ્રસિંહ જાડેજા મહિપાલસિંહ જાડેજા, કૃષ્ણદેવસિંહ ગોહિલ તથા રાજેન્દ્રસિંહ ગોહિલ

સાથે બેસી કલાક ૧૪.૦૦ થી ૧૪.૧૫ સુધીનુ પ્રાથમિક પંચનામુ કરી એલ.સી.બી કચેરીથી રવાના થયા. આર.ટી.ઓ. સર્કલ માધાપર કુકમા લેર થઈ ઉપરોક્ત હકિકત વાળી જગ્યાએ આવેલ ત્યા આવી હકિકત વાળા ખેતરે તપાસ કરતાં, પોચી જમીન દેખાતા તે જમીનને ખોદતાં જુદા જુદા પાંચ ખાડામાં ઇંગ્લીશ દારૂનિ બોટલો મળી આવેલ. જે બોટલો જોતા કુલ્લ ૫૮૨ બોટલો ૭૫૦ એમ.એલ.ની મળી આવેલ જે એક બોટલની કિં ૩૫૦ /–લેખે કુલ્લ રૂ. ૨૦૨૭૦૦/– નો મુદામાલ મળી આવેલ. જે બાબતે કલાક ૧૮.૩૦ સુધીનુ પંચનામુ તેઓએ કરી લીધેલ. મજકુર ઇસમો વિરુધ્ધ તેઓએ શ્રી સરકારની ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓ ઓળખી બતાવે છે. જે પુરાવામાં આંક–૪ થી રજુ છે.

બાદ સદર ફરીયાદ ગુનો દાખલ થવા આપતા પધ્ધર પાર્ટ સી ગુ. રજી. નં. ૩૯/૨૦ થી દાખલ આગળની તપાસ સાથેના એસ જે રાણા સાહેબને સોંપવામા આવતા સાહેદોના નિવેદન નોંધેલ તથા મુદામાલ એફ. એસ. એલ. મા મોકલાવવા કાર્યવાહી કરેલ. જે યાદી તથા એફ. એસ. એલ. સર્ટી રજુ છે જે પુરાવામાં આંક–૫,૬ થી રજુ છે.

આ કામે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોઇ, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે મુદામાલ જપ્ત કર્યાના પંચનામાના **પંચ સાહેદ પ્રેમજીભાઇ આલાભાઇ બગડા ને આંક–૮ થી** તપાસવામાં આવેલ છે અને તેઓએ પંચનામાની નકલ આંક–૯ થી રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં તેમની સહી સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ આ સહી શા બાબતે કરાવેલી તેની તેઓને ખબર નથી.

જેથી સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિદ્વાન એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

આ કામે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોઇ, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૧૧) ફરીયાદપક્ષે આ કામના સાહેદ કૃષ્ણદેવસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ **ને આંક–૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા ૦૩.૦૨.૨૦ ના રોજ તેઓ એલ. સી. બી. કચેરી હાજર હતા તે દરમિયાન તેઓને બાતમી હકિકત મળેલ કે, મોટા રેહા ગામેની ઉપલી સીમમાં સર્વે નં. ૧૪૯ જે લક્ષ્મણ વાગજી પરમારનુ પડતર ખેતર છે અને તે ખેતરના સેઢામા ખાડાઓ ખોદી મોટા રેહા ગામના મહેશસિંહ રાણુભા જાડેજા તથા ભચુભા સવાઈસિંહ જાડેજા એ ઇગ્લીશ દારુ રાખેલ છે અને છુટક વેચાણ કરે છે વિગેરે મતલબની હકિકત મળતા એલ.સી.બી.ના સ્ટાફને સમજ કરેલી. અને સાથેના સ્ટાફના વિરેન્દ્રસિંહ બે પંચના માણસોને પ્રેમજી તથા હમીરભાઇ નામનાને પો.સ્ટે. બોલાવી લાવેલ. પંચોને હકિકતની સમજ કરી સરકારી વાહન પી ૩૦૩ તથા પ્રા. વાહનમા તેઓ તથા પંચો તથા એલ.સી.બી. સ્ટાફના જયેન્દ્રસિંહ જાડેજા વિરેન્દ્રસિંહ જાડેજા મહિપાલસિંહ જાડેજા, જયેન્દ્ર જયદત્ત યાદવ તથા રાજેન્દ્રસિંહ ગોહિલ સાથે બેસી કલાક ૧૪.૦૦ થી ૧૪.૧૫ સુધીનુ પ્રાથમિક પંચનામુ કરી એલ.સી.બી કચેરીથી રવાના થયા. આર.ટી.ઓ. સર્કલ માધાપર કુકમા લેર થઈ ઉપરોક્ત હકિકત વાળી જગ્યાએ આવેલ ત્યા આવી હકિકત વાળા ખેતરે તપાસ કરતાં, પોચી જમીન દેખાતા તે જમીનને ખોદતાં જુદા જુદા પાંચ ખાડામાં ઇગ્લીશ દારૂની બોટલો મળી આવેલ. જે બોટલો જોતા કુલ્લ ૫૮૨ બોટલો ૭૫૦ એમ.એલ. ની મળી આવેલ જે એક બોટલની કિં.૩૫૦/– લેખે કુલ્લ રૂ.૨૦૨૭૦૦/– નો મુદામાલ મળી આવેલ જે બાબતે કલાક ૧૮.૩૦ સુધીનુ પંચનામુ જયેન્દ્ર જયદત્ત યાદવનાઓએ કરી લીધેલ. મજકુર ઇસમો વિરુધ્ધ જયેન્દ્ર જયદત યાદવનાઓએ શ્રી સરકારની ફરીયાદ આપેલી. તેઓ આ કામગીરીમા સાથે હતા. ત.ક.અ. એ તેઓનુ નિવેદન લીધેલું. આરોપીને જોયેથી ઓળખે છે.

આ કામે આરોપી/ઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોઇ, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામના **તપાસ કરનાર અમલદાર સુરેન્દ્રસિંહ રવુભા જાડેજાને આંક–૧૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પધ્ધર પો.સ્ટે. ના થાણા ઈ.ચા. તરીકે રહેલ તે સમયે અગાઉ તેઓના પુરોગામી પો.સ.ઈ. એસ.જે.રાણા નાઓએ પધ્ધર પો.સ્ટે. ગુ.ર.નં.૩૯/૨૦૨૦ ના કામે તહોમત નામું આરોપીઓ વિરૂધ્ધ ઘડવામાં આવેલ અને જેમાં કોલમ નં.૧૨ માં આરોપી સોમસીંહ ઉર્ફે રાસુભા તગજી સોઢા રહે. ખાંનાય તા.અબડાસા વાળાને નાસતા ફરતા તરીકે દર્શાવેલ હતા જેની તપાસ તેઓ કરી રહેલ અને મજકુર આરોપી સોમસીંહ ઉર્ફે રાસુભા સોઢા નાઓના આગોતરા જામીન મેળવી રજુ થતાં તેઓને તા.૨૭/૦૫/૨૦૨૧ ના તેઓએ અટક કરી આગળની કાર્યવાહી ચલાવેલ હતી તે પછી તેઓની બદલી થઈ જતાં આગળની તપાસ પો.સ.ઈન્સ. વી.બી. ઝાલા પધ્ધર પોસ્ટે. નાઓએ સંભાળી આરોપી સોમસીંહ ઉર્ફે રાસુભા સોઢા નાઓ વિરુધ્ધ પુરતા પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

આ કામે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોઇ, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૧) ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને રાખતાં આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષના જ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદે મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ ન હોય મુદામાલ કબજે કર્યાનું પંચનામું પુરવાર થતું નથી. ત્યારબાદ આ કામે ફરીયાદી, સાહેદ તથા તપાસ કરનાર અધિકારી પોલીસ સાહેદ છે તેઓએ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ ફરીયાદી તથા સાહેદે તેઓની સરતપાસમાં અગાઉ ચાર્જશીટ થયેલ આરોપીઓ પાસેથી મુદામાલ મળી આવેલનુ જણાવેલ છે પરંતુ હાલના કામના આરોપી પાસેથી આવો કોઇ મુદામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને તપાસ કરનાર અમલદારે હાલના આરોપી ફકત સેશન્સ કોર્ટમાંથી આગોતરા જામીન

લઈને આવતા અટક કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ બનાવવાળો વિસ્તાર જાહેર રસ્તો છે તેમ છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના સ્વતંત્ર સાહેદ એવા પંચે બનાવ હકીકતને સમર્થન કરેલું નથી કે પંચનામા મુજબની કે ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી સ્થાનિકે પંચ સાહેદો રૂબરૂ થઈ હોય તે હકીક્તને પણ સમર્થન મળતું નથી. આ કામે સ્વતંત્ર અને તટસ્થ સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોને આ કામે સાહેદ તરીકે બતાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી, ત્યારે માત્ર પોલીસ સાહેદોના વિધિવત પ્રકારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૨) આમ, ઉપરોકત ફરીયાદી, સાહેદે તથા તપાસ કરનાર અમલદારે હાલના આરોપી પાસેથી કોઇ મુદામાલ મળી આવેલ છે તેવી કોઇ સમર્થન કરતી હકીકતો જણાવેલ નથી, અને પંચ સાહેદના પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં રેકર્ડ પર પંચ સાહેદના પુરાવા પરથી આ કામે મુદામાલનો જે નમુનો પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ તે આ કામની રેઈડ દરમ્યાન કબજે લીધેલ મુદામાલ પૈકીનો છે કે કેમ તે બાબતે શંકા ઉદભવે છે. આમ, આ મુદામાલ આ કામના આરોપીએ ધારણ કરેલો હોય કે તેઓની પાસેથી મળેલો હોય તેવું આરોપી પાસેનું મુદામાલનું એકચુઅલ પઝેશન પુરવાર થતું નથી.

(૧૩) આમ, ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કામના આરોપીના સભાનપણાના કબજા ભોગવટામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ હોવાનું પંચ સાહેદના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદપક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે પુરવાર થયેલ માની શકાય નહીં. સદરહુ ગુન્હાના કામે આરોપીને સાંકળી શકે તેવો કોઈ પુરાવો ના હોઈ ફરીયાદપક્ષ આરોપી

વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીને સદરહુ ગુના કામે કસુરવાર ઠરાવવા યોગ્ય જણાતું નથી.

(૧૪) સદર કેસ ખુબ જુનો છે તેમજ આરોપીને વારંવાર પ્રોસેસ કરવા છતાં હાજર થયેલા નથી જેથી તેઓ સામે કલમ–૨૯૯ નો હુકમ થયેલ છે. જેથી આ કામે રજુ સાહેદોની જુબાની રેકર્ડ કરી હાલનો કેસ આખરી હુકમ માટે મુકવામાં આવેલ છે. આ કામે આરોપી તથા સાહેદોને કોર્ટમાં લાવવા માટે અત્રેની અદાલત ધ્વારા પુરતા પ્રયત્ન કરવામાં આવેલા છે તેમ છતાં કેસ ઘણો જુનો થઇ ગયેલ હોવાથી ફરીયાદપક્ષ અન્ય સાહેદોનો પુરાવો નોંધાવી શકેલ નથી. આમ, આ કામે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષ આરોપી સામેના ત્હોમતને વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલા ન હોઇ આરોપીને હાલના ગુના કામે તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૫) વળી, **<u>૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નં.૮૫</u>** ઉપર પ્રસિધ્ધ થયેલ **<u>સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન</u>** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૧૬) ફોજદારી ધારાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે

લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આરોપી સામે સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે તેઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે. કલમ–૨૯૯(૧) ની જોગવાઇ જોતાં જયારે આરોપીની અટક થાય ત્યારે તેના પર જે ગુનાનું ત્હોમત હોય તે ગુનાની તપાસમાં અથવા તે માટેની ઇન્સાફી કાર્યવાહીમાં આવી જુબાનીઓ પુરાવામાં તેની વિરુધ્ધ આપી શકાશે. રેકર્ડ જોતાં આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી શકે તેવી શકયતા જણાતી નથી. વધુમાં જો આરોપી ભવિષ્યમાં મળી પણ આવે અને આ નોંધાયેલ જુબાની ઉપરથી કેસનો નિર્ણય કરવામાં આવે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં સી.આર.પી.સી. કલમ–૩૫૩ ની જોગવાઇ ધ્યાને લેતાં જયારે સજા માત્ર દંડની હોય અથવા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવતા હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકાય છે. હાલના કામે પણ આરોપીને સંડોવતો એકપણ પુરાવો શંકાથી પર રજુ થતો નથી. વધુમાં કેસ ઘણો જુનો હોય તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ આ પ્રકારના જુના કેસોને સત્વરે નિકાલ કરવાની સુચના આપેલ હોય તેમજ જો આ પ્રકારના કેસોમાં પુરાવો નોંધી આગળની કાર્યવાહી કરવામાં નહીં આવે તો જુના કેસોની સંખ્યામાં વધારો થાય તેમ છે.

(૧૭) આમ, ઉપરોકત ચર્ચાને અંતે અત્રેની અદાલત એવા તારણ ઉપર આવે છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા તેમજ આરોપી સામે મુકવામાં આવેલ ત્હોમત તેમજ સદરહુ ગુનાની કલમના તત્વો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના ગુના શંકાથી પર સાબીત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે, આથી તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આ કામના આરોપી **સોમસિંહ ઉર્ફે રાસુભા તગજી સોઢા** ધંધો–મજુરી, ઉ.વ. પુખ્ત રહે. ખાનાય સોઢા કેમ્પ તા.અબડાસા–કચ્છને કિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે <u>ધી ગુજરાત પ્રોહીબિશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ–૬૫(એ)(ઇ), ૮૧</u> મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. (નામદાર ગુજરાત વડી અદાલતના **Sharad Jethalal Savla Vs. State of Gujarat, Criminal Misc.Application No.**19862/2015, **dt.**14.11.2016, ચુકાદા અન્વયે સી.આર.પી.સી. ની કલમ–૩૫૩(૬) મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ઠરાવ જાહેર કરવામાં આવેલ છે).

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

હુકમ આજ તારીખ : ૨૯ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૫/૨૦૨૬ **(રાહુલ સતીશભાઈ સિંગલ)**

ભુજ–કચ્છ ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)

RLH